## (1) ભારતનેટ પ્રોજેક્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ પ્રોજેક્ટનું અમલીકરણ ગ્રામીણ વિકાસ મંત્રાલય તથા વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ દ્વારા કરવામાં આવી રહ્યું છે.
(2) આ પ્રોજેક્ટ હેઠળ દરેક ગ્રામપંચાયતને બ્રોડબેન્ડ કનેક્શન પ્રદાન કરવાનું લક્ષ્ય છે.
(3) આ સમગ્ર પ્રોજેક્ટનું ફંડીંગ યુનિવર્સલ સર્વિસ ઓબ્લીગેશન ફંડ દ્વારા કરવામાં આવે છે.
(4) આ પ્રોજેક્ટમાં 'ડાર્ક ફાઈબર'નો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ ભારતનેટ એક ફ્લેગશીપ મિશન છે જેનું અમલીકરણ 'ભારત બ્રોડબેન્ડ નેટવર્ક લિમિટેડ' દ્વારા કરવામાં આવી રહ્યું છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ 2011માં નેશનલ ઓપ્ટીકલ ફાઈબર નેટવર્ક (NOFN) નામની યોજના લોંચ કરવામાં આવી હતી. આ યોજનાનું 2015માં નામ બદલીને ભારતનેટ પ્રોજેક્ટ કરવામાં આવ્યું હતું.

⇛ આ પ્રોજેક્ટનો ઉદ્દેશ દેશની દરેક ગ્રામપંચાયત (2.5 લાખ)ને બ્રોડબેન્ડ સાથે જોડવાનો તથા 100 Mbpsની ઈન્ટરનેટ સ્પીડ આપવાનો છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ વપરાશ ન થતાં પરંતુ વર્તમાન સમયે સ્થપાયેલાં હોય તેવા ફાઈબર નેટવર્કને ડાર્ક ફાઈબર કહે છે.

⇛ ભારતનેટ પ્રોજેક્ટમાં ડાર્ક ફાઈબરનો પણ વપરાશ કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ સમગ્ર પ્રોજેક્ટનું ફંડીંગ યુનિવર્સલ સર્વિસ ઓબ્લીગેશન ફંડ દ્વારા કરવામાં આવી રહ્યું છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) પી.સી. મહાલાનોબીસ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તેમના જન્મદિવસની યાદમાં દર વર્ષે રાષ્ટ્રીય આંકડાકીય (Statistic) દિવસ ઊજવવામાં આવે છે.

(2) તેમને ભારતમાં આધુનિક આંકડાશાસ્ત્રના પિતા તરીકે ઓળખવામાં આવે છે.

(3) ભારતની પ્રથમ પંચવર્ષીય યોજનાના નિર્માણમાં તેનો મહત્ત્વનો ફાળો છે.

(4) 'સાંખ્ય' નામની જર્નલ/મેગેઝીન તેમના દ્વારા લોંચ કરવામાં આવેલી હતી.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ 29 જૂને પી.સી. મહાલાનોબીસના જન્મદિનની સ્મૃતિમાં ભારતમાં 'રાષ્ટ્રીય આંકડાકીય દિવસ' ઊજવવામાં આવે છે. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇛ પી.સી. મહાલાનોબીસને ભારતના આધુનિક આંકડાશાસ્ત્રના પિતા તરીકે ઓળખવામાં આવે છે. (આથી, વિધાન **(2)** સાચું છે.)

⇛ તેમણે ઈન્ડિયન સ્ટેટીસ્ટીકલ ઈન્સ્ટિટયૂટ **(ISI)**ની સ્થાપના કરેલી છે તથા પ્લાનીંગ કમિશનની રચનામાં પણ તેનો ફાળો છે.

⇛ તેમણે એક નવી આંકડાકીય પદ્ધતિ આપી હતી. જેને **'Fractile Graphical Analysis'** કહે છે.

⇛ વર્ષ **1933**માં તેમણે 'સાંખ્ય : ધ ઈન્ડિયન જર્નલ ઓફ સ્ટેટીસ્ટીકસ' લોંચ કરી હતી. (આથી, વિધાન **(4)** સાચું છે.)

⇛ ભારતની બીજી પંચવર્ષીય યોજનાના નિર્માણમાં તેમનો મહત્ત્વનો ફાળો છે. આ યોજના થકી ભારતમાં ઔદ્યોગિકરણ અને વિકાસનો પાયો નંખાયો હતો. (આથી, વિધાન **(3)** ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) રેડિયો તરંગો માટે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) વિજચુંબકીય સ્પેક્ટ્રમમાં રેડિયો તરંગની તરંગલંબાઈ સૌથી ટૂંકી હોય છે.

(2) સામાન્ય રીતે તેમની આવૃત્તિની રેંજ 50 kHzથી 750 kHz જેટલી હોય છે.

(3) સેલ્યુલર ફોનમાં રેડિયો તરંગનો ઉપયોગ થાય છે.

(4) ટેલિવિઝનના રેડિયો તરંગોની રેંજ 54 MHzથી 890 MHz જેટલી હોય છે.

(A) માત્ર (1) અને (2)

(B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (4)

(D) માત્ર (3) અને (4)

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ વિજચુંબકીય સ્પેક્ટ્રમમાં રેડિયો તરંગો સૌથી લાંબી તરંગલંબાઈ ધરાવે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ તરંગોની શોધ 1880ના દશકમાં હેન્રીચ હર્ટ્ઝ દ્વારા કરવામાં આવી હતી.

⇛ સામાન્ય રીતે તેમની આવૃત્તિની રેંજ 500 kHzથી આશરે 1000 MHz સુધીની હોય છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ ટૂંકી તરંગના પટ્ટાઓ માટે વધુ આવૃત્તિનો (54 MHz સુધીના) વપરાશ થાય છે.

⇛ ટેલિવિઝન રેડિયો તરંગોની રેંજ 54 MHzથી 890 MHz જેટલી હોય છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ સેલ્યુલર ફોનમાં ધ્વનિ સંચાર (વોઈસ કમ્યુનિકેશન) માટે રેડિયો તરંગોનો ઉપયોગ થાય છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) 'STARS' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરુંનામ Strengthening Teaching-Learning and Results for States Program છે.
(2) આ કાર્યક્રમ ભારતના 6 રાજ્યોમાં અમલી થશે.
(3) આ કાર્યક્રમ દ્વારા 25 કરોડ વિદ્યાર્થીઓ અને 1 કરોડ શિક્ષકોને લાભ થશે.
(4) આ કાર્યક્રમ માટે યુનિસેફ (UNICEF) દ્વારા ભારતને 500 મિલિયન ડોલરની સહાય આપવામાં આવી છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ વર્લ્ડ બેંક દ્વારા ભારતના 6 રાજ્યોમાં શિક્ષણની ગુણવત્તા અને શાસન સુધારવા માટે 500 મિલિયન ડોલરની લોન STARS કાર્યક્રમ હેઠળ મંજૂર કરવામાં આવી છે. (આથી, વિધાન (2) સાચું છે, જ્યારે વિધાન (4) ખોટું છે.)

⇛ STARSનું પૂરુંનામ Strengthening Teaching-Learning and Results for States Program છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ ભારત અને વર્લ્ડ બેંક વચ્ચે 1994થી આ કાર્યક્રમ ચાલુ છે.

⇛ વર્તમાન સમયે લાભ મેળવનારા 6 રાજ્યોમાં હિમાચલ પ્રદેશ, કેરળ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડિશા અને રાજસ્થાનનો સમાવેશ થાય છે.

⇛ આ કાર્યક્રમ દ્વારા કુલ 15 લાખ શાળાઓમાં અભ્યાસ કરતાં 25 કરોડ વિદ્યાર્થીઓ તથા શિક્ષણ આપતા 1 કરોડ શિક્ષકોને લાભ થશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ કાર્યક્રમ હેઠળ શાળા સુધારણ માટે વિવિધ સ્થાનિક–સ્તરે પરિસ્થિતિ મુજબના સોલ્યુશન આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(5) પ્રોજેક્ટ પ્લેટીના વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તે વિશ્વનો સૌથી મોટો કોન્વેલેસન્ટ (Convalescent) પ્લાઝમા થેરાપી ટ્રાયલ પ્રોજેક્ટ છે.
(2) આ પ્રોજેક્ટ કેરળ રાજ્યનો છે.
(3) આ પ્રોજેક્ટ માટે દર્દીઓ પર પ્લાઝમા થેરાપીની ટ્રાયલ કરવા માટે WHO દ્વારા મંજૂરી આપવામાં આવી છે.
(4) પ્રોજેક્ટ દ્વારા રાજ્યમાં પ્લાઝમા સારવારનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપવામાં પણ મદદ મળશે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ મહારાષ્ટ્ર રાજ્ય સરકાર દ્વારા વિશ્વનો સૌથી મોટો કોન્વેલેસન્ટ પ્લાઝમા થેરાપી ટ્રાયલ પ્રોજેક્ટ લોંચ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટનું નામ પ્રોજેક્ટ પ્લેટીના છે. (આથી, વિધાન (1) સાચું છે, જ્યારે વિધાન (2) ખોટું છે.)

⇛ માંદગી પછી આરોગ્ય પાછું મેળવનાર વ્યક્તિને કોન્વેલેસન્ટ કહે છે.

⇛ આ પ્રોજેક્ટ માટે દર્દીઓ પર પ્લાઝમા થેરાપીનું ટ્રાયલ કરવા માટે ICMR (ઈન્ડિયન કાઉન્સીલ ઓફ મેડીકલ રિસર્ચ) દ્વારા મંજૂરી આપવામાં આવી છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ અન્ય કોઈ ચોક્કસ સારવારની ગેરહાજરીમાં કોન્વેલેસન્ટ પ્લાઝમા થેરાપી દ્વારા સમગ્ર વિશ્વમાં હકારાત્મક પરિણામો મળ્યાં છે.

⇛ આ પ્રોજેક્ટ દ્વારા રાજ્યમાં પ્લાઝમા સારવારનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપવા માટે પણ મદદ મળશે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ ટ્રાયલ માટેનો ખર્ચ રાજ્ય સરકાર દ્વારા ભોગવવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
*like* | *comment* | *share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT